

# આહ્વાન


A Monthly Bulletin of Shahpur Methodist Church



Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email : reveskant1964@gmail.com Pastor : Rev. Dr. Emanuel S. Kant

Visit us at : www.shahpurmethodistchurch.com Ph. : 079-25503545 (M) 8780130474



વર્ષ - ૫૪ માર્ચ - ૨૦૨૫ પત્ર - ૧૩૯


મંડળીનાં વ્હાલા સર્વ ભાઈ-બહેનો,

તારનાર પ્રભુ ઈસુ ખ્રિસ્તનાં નામમાં પ્રેમી સલામ,

માર્ચ માસને માટે ઈશ્વરપિતાનો આભાર માનીએ. આ માસની શરૂઆતમાં તા. ૫ થી 'ભસ્મ બુધવાર' લેન્ટની શરૂઆત થાય છે. વિશ્વભરનાં ખ્રિસ્ત પર વિશ્વાસ રાખનાર લોકો, આ દિવસોમાં ૪૦ દિવસનાં ઉપવાસ કરે છે. આ સમયો પ્રભુનાં વચનોના મનન પ્રાર્થનામાં, તેમની સંગતમાં સમય પસાર કરે છે. તેનાં મૂળ પ્રભુ ઈસુ ખ્રિસ્તની સેવાની શરૂઆતમાં રોપાયેલા છે.

લેન્ટનાં ૪૦ દિવસને 'ભસ્મ બુધવાર'થી શરૂ કરીને, પવિત્ર શનિવાર સુધી આ ઉપવાસનાં દિવસોમાંથી રવિવાર બાદ કરવામાં આવે છે પરંતુ ત્યારે પણ ઉપવાસ રાખી શકાય. આ દિવસોમાં પ્રાર્થના, ઉપવાસ, વચનોના મનનથી સહાય પ્રાપ્ત કરવી. પાપોની માફી માંગવી, પશ્ચાતાપ કરવો, લેન્ટનાં સમયોમાં મહત્ત્વના દિવસો 'ભસ્મ બુધવાર', ખજૂરીનો રવિવાર, પવિત્ર ગુરુવાર, શુભ શુક્રવાર, પવિત્ર શનિવાર, ઈસ્ટર આવે છે.

લેન્ટનાં સમયોમાં ૩ મહત્ત્વની વાત જોવા મળે છે. ઉપવાસ, પ્રાર્થના, દાન. ત્રણ મહત્ત્વની બાબતો દ્વારા ઈશ્વર સાથે નજદીકનાં સબંધમાં તેનું પ્રતિબિંબ પૃથ્વી પરનાં જીવન દ્વારા પ્રદર્શિત થાય. ઈશ્વરનાં મહિમાને માટે સાક્ષીરૂપ બનવાની મહત્વ જોવા મળે છે.

**(૧) ઉપવાસ :** લેન્ટનાં સમયમાં આપણે ખોરાક સિવાય અન્ય ઘણી બધી બાબતોને માટે પરહેજ પાળીએ છીએ. શારીરિક શુદ્ધતાને માટે જરૂરી છે, તેનાથી આપણને સામર્થ્યને બળ મળે છે. મનોદઢ મજબૂત બને છે. પ્રભુ ઈસુ ખ્રિસ્ત ૪૦ દિવસનાં રાનમાંના ઉપવાસ દ્વારા જ સામર્થ્ય પ્રાપ્ત કરે છે, હિંમતથી વચનો દ્વારા પ્રત્યુત્તર આપે છે. આપણે તે પ્રમાણે કરી શકીએ છીએ. પરિક્ષણો પર વિજય પ્રાપ્ત કરવા બળ પ્રાપ્ત કરવું. ભૂખ્યા લોકો કે જેઓને શારીરિક ભૂખ છે તેઓ માટે વિચાર કરીએ. તેમનાં હક્કમાં આપણે શું કરી શકીએ. બંને પ્રકારની ભૂખ વિષે વિચાર કરીએ. શરીરની જરૂરિયાત ખોરાક તેમજ આત્માની શુદ્ધિ માટે આત્મિક રીતે નાશમાં જતા આત્માઓનાં બચાવને માટે પ્રભુ આપણો ઉપયોગ કરે. સુવાર્તાના સંદર્ભમાં તેમના મહિમાને માટે આપણે સાક્ષી આપીએ. જેઓ વચનને માટે તરસ્યાં છે. તેઓને વચન આપનારા બનીએ. પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા તેમની સેવા દરમિયાન તેમણે આ કાર્યો કર્યા. ભૂખ્યાને ભોજન, તરસ્યાને પાણી, જેઓને વસ્ત્રોની જરૂરિયાત છે તેઓ માટે વસ્ત્રો, માંદાઓના સાજાપણા માટે મુલાકાત, માવજત, કાળજી, જેલમાં કેદીઓ છે તેઓ માટે તેમની સેવા દ્વારા આ બધી જ પ્રકારની બાબતો આપણે જોઈ શકીએ છીએ. મહત્ત્વનો ગુણ તેઓને જોઈને તેમને દયા આવી. આજ મુજબનો અનુભવ આપણને થવો જોઈએ. માફીના સિદ્ધાંતને અનુરૂપ બનવું.

**(૨) પ્રાર્થના :** લેન્ટનાં સમયમાં સૌથી અગત્યની બાબત પ્રાર્થનામાં રહેવું. વ્યક્તિગત ધોરણે જ્યારે આપણે ઉપવાસ રાખીએ છીએ ત્યારે આ બાબત લેન્ટમાં તેમજ અન્ય દિવસોને માટે પણ અગત્યની છે, કે આપણે આપણાં આત્મિક જીવનની ઉન્નતિ માટે વિશ્વાસમાં દ્રઢ રહેવાને જીવંત ઈશ્વરની સાક્ષીને માટે પ્રાર્થનામાં રહીએ. મુખ્ય ઉદ્દેશ્ય તે તો આપણાં પાપોની કબૂલાત, માફી માગવી, પ્રાયશ્ચિત કરવું, વ્યક્તિગત વિશ્વાસમાં દ્રઢ થવું, પ્રાર્થના કરવી. આપણાં માટે જ નહિ, પરંતુ વિશ્વભરનાં લોકો જે નાશમાં જઈ રહ્યા છે, તેમના માટે પ્રાર્થના કરવી. શક્ય હોય તો એવા વ્યક્તિઓ જેમને આપણે ઓળખીએ છીએ તેઓના નામ જોગ પ્રાર્થના કરીએ. વિશ્વભરની મંડળીઓ, સુવાર્તાના કાર્ય માટે, સ્થાપિત મંડળીઓને માટે આપણાં દેશને માટે પ્રાર્થના કરીએ. સર્વ પ્રકારનાં રોગથી પીડાતા લોકો માટે, ભંગીત દુઃખિત કુટુંબોને માટે, બાળકોનાં અભ્યાસને માટે, લેન્ટના સમયની પ્રાર્થનાઓમાં અગણિત રીતે વ્યક્તિગત પ્રાર્થનામાં રહીએ.

**(૩) દાન આપવું :** દરેક વિશ્વાસના લોકોમાં આ બાબત જોઈએ જ છે. પરંતુ ખ્રિસ્તી વિશ્વાસમાં આપવા સંબંધીનું પદ્ધતિસરનું શિક્ષણ આપવામાં આવેલ છે. જેને આપણે ખ્રિસ્ત પર વિશ્વાસ રાખનારા લોકો તરીકે સારી રીતે જાણીએ છીએ. ઉપરોક્ત ઉપવાસ કરતાં, તેનાં વચનોના અધ્યયન, પ્રાર્થના, સંગતમાં રહીએ છીએ ત્યારે આપવા સંબંધી ભૂખ્યાને, તરસ્યાને, વસ્ત્ર વિહીન લોકોને, તેનાં વચનની વૃદ્ધિ માટે ઉદારતાથી, ખુલ્લા હાથોએ આપીએ. મંડળીની વૃદ્ધિ તેમજ સુવાર્તા માટે જરૂરી છે.

ઈશ્વરના રાજ્યની વૃદ્ધિ મહિમાને માટે તન મન ધનથી વપરાવું, ખર્ચાવું જે દ્વારા ઘણાને તેનું વચન પ્રાપ્ત થાય છે.

આપણામાંના ઘણા લેન્ટનાં સમયોમાં ઉપવાસ કરશે, ત્યારે ઉપરોક્ત બાબતો યાદ રાખીએ, પ્રાધાન્ય આપીએ.

**પાળક, રેવ. ઈમાનુએલ એસ. કાન્ત**

## ગત માસનાં કાર્ય તરફ દ્રષ્ટિપાત : જાન્યુઆરી

- તા. ૨, ભજનસેવા. એદન મેથોડિસ્ટ ચર્ચના પાળક રેવ. અલ્પેશ પરમાર પ્રભુનું વચન લાવ્યા. પેટલાદ ચર્ચ પ્રોજેક્ટ માટે દાનની આપીલ કરી. કુલ અંદાજીત રૂા. ૮૦,૦૦૦/- દાન પ્રાપ્ત થયું. નવ નિયુક્ત બિશપ ડૉ. ઈ. પી. સેમ્યુલને અભિનંદન સભાજનોને જાણકારી આપી.
- તા. ૯, પાળક પ્રભુનું વચન લાવ્યા.
- તા. ૧૬, ભજનસેવા શ્રી રાજેશ ક્રિશ્ચિયન (સેન્ડ ધી લાઈટ મિનિસ્ટ્રી) પાસ્ટોરેટ સમિતિમાં પ્રભુનું વચન લાવ્યા. શ્રી કિરીટ ક્રિશ્ચિયન ઉપસ્થિત રહેલ. ભજનસેવાનું લીડીંગ શ્રીમતી ઉષાબેન કાન્ત દ્વારા કરવામાં આવેલ.
- તા. ૨૩, ભજનસેવા. પાળક પ્રભુનું વચન લાવ્યા.
- દર રવિવારે ભજનસેવા બાદ જુવાનોની સંગત, એમ.વાય.એફ.ની સ્થાપના માટે મળે છે. પાળક તથા કુ. શાલીન ગામડિયા તેમજ અન્યની ઈમાનુએલ દ્વારા આગેવાની આપવામાં આવી.

## આત્મિક જાગૃતિની સભાઓ

દરરોજ રાત્રે ૮:૦૦ કલાકે મળશે.

| | |
|---|---|
| તા. ૨૬-૨-૨૫, બુધવાર | પ્રશાંતભાઈ ક્રિશ્ચિયન<br>સ્થળ : ઈડન ગાર્ડન સોસાયટી |
| તા. ૨૭-૨-૨૫, ગુરુવાર | શાલીન ગામડિયા - સ્થળ : સાણંદ |
| તા. ૬-૩-૨૫, ગુરુવાર | ડેની હેરી - સ્થળ : મણીનગર |
| તા. ૭-૩-૨૫, શુક્રવાર | કલ્પનાબેન ક્રિસ્ટી - સ્થળ : શાહીબાગ |
| તા. ૧૫-૩-૨૫, શનિવાર | એન્થનીભાઈ ક્રિશ્ચિયન<br>સ્થળ : ખાનપુર |

## ડિસ્ટ્રીક્ટ દ્વારા આયોજીત મિટીંગ

તા. ૨૮-૩-૨૫, મેથોડિસ્ટ ચર્ચ, શાહપુર
વક્તા : વિ. ક. શ્રી જુલ્યસભાઈ ક્રિશ્ચિયન

## આવનાર માસનાં કાર્ય તરફ દષ્ટિપાત ફેબ્રુઆરી

- તા. ૨, ભજનસેવા. મેજની સંગતમાં જોડાઈશું.
- તા. ૫, ભજનસેવા. ભસ્મ બુધવાર ૪૦ દિવસનાં ઉપવાસની શરૂઆત
- તા. ૭, વિશ્વ પ્રાર્થના દિન મહિલા મંડળ દ્વારા ચર્ચમાં રાત્રે ૮:૦૦ કલાકે મિટીંગ મળશે.
- તા. ૯, ભજનસેવા
- તા. ૧૬, ભજનસેવા
- તા. ૨૩, ભજનસેવા
- તા. ૩૦, ભજનસેવા. હોમમિશન સન્ડે કોન્ફરન્સ ટ્રેઝરર રેવ. ડૉ. યાકુબ મેકવાન પ્રભુનું વચન લાવશે.

## નાણાંકીય અહેવાલ જાન્યુઆરી - ૨૦૨૫

| | | |
|---|---|---|
| **તા.૧-૧-૨૫ની ઉઘડતી સિલક** | | |
| | **રોકડ** | **૪૧૬૯૦.૦૦** |
| | **બેંક** | **૬૪૪૭૫૪.૫૯** |
| **તા.૩૧-૧-૨૫ સુધીની** | **આવક** | **૧૫૯૪૮૦.૦૦** |
| | **કુલ** | **૮૪૫૯૨૪.૫૯** |
| **તા.૩૧-૧-૨૫ની બંધ સિલક** | | |
| | **રોકડ** | **૧૦૦૧૨.૦૦** |
| | **બેંક** | **૭૦૮૬૯૦.૫૯** |
| **તા.૩૧-૧-૨૫ સુધીનો** | **ખર્ચ** | **૧૨૭૨૨૨.૦૦** |
| | **કુલ** | **૮૪૫૯૨૪.૫૯** |

**શ્રી મનોજકુમાર સી. ચૌહાણ, ટ્રેઝરર**

## BIRTHDATE IN MARCH

| | |
|---|---|
| ૩/૩ | ભારતીબેન એ. ક્રિશ્ચિયન |
| ૬/૩ | આલાપભાઈ જે. માસ્ટર |
| ૬/૩ | સુનિલભાઈ એસ. સોલંકી (USA) |
| ૮/૩ | રીટાબેન જે. કીન |
| ૧૨/૩ | રીનાબેન જે. દાસ |
| ૧૨/૩ | સુહાસીનીબેન ટી. રૂબી |
| ૧૩/૩ | જીની જે. મેકવાન |
| ૨૩/૩ | જોય એ. ક્રિશ્ચિયન |
| ૨૪/૩ | સત્યવતીબેન વી. દાસ |
| ૨૫/૩ | ટવીંકલ વી. ક્રિસ્ટી |
| ૨૬/૩ | મેરેલીન એન. ચૌહાણ |
| ૨૯/૩ | કલ્પનાબેન વી. ક્રિસ્ટી |
| ૨૯/૩ | સિલાસભાઈ જી. ચૌહાણ |
| ૩૧/૩ | નિલેશભાઈ આર. રાઠોડ |

## નોંધ : સુધારો

પાળક દ્વારા મળેલા દાનો ક્રમ ૧૩
ફેબ્રુઆરી-૨૫માં આ પ્રમાણેનું દાન વાંચવું.

શ્રી ગૌરવ અરોરા (યુ.કે.)
પૂર્ણ સભાસદ નિમિત્તે આ.સ્તુ. ૫૦૦૦
એરોન અરોરા - આર્યાના અરોરા
બાપ્તિસ્મા નિમિત્તે આ.સ્તુ. દાન ૫૦૦૦